CITY pulse

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

email: citypulse@gujaratmitra.in

શુક્રવાર ૧૮, ઓક્ટોબર, ૨૦૨૪

FOOD ફંડા

સાચું કહેજો અત્યારે તમારી નજર સૌથી વધારે શેના પર પડી રહી છે? ઘારી પર ને! હા, આજે ચંદની પડવો છે ચંદની પડવો હોય અને સુરતીઓ ઘારી ખાય નહીં તેવું કદાપિ નહીં બને. કહેવાય છે કે નિર્મળ બાબાએ દેવશંકર શુકલને ઘારીની રેસિપી આપી હતી. તાત્યા ટોપે અને તેમના સૈનિકોને સુરતમાં જ્યારે ઘારી ખવડાવવામાં આવી હતી તે દિવસ હતો ચંદની પડવાનો, બસ ત્યારથી સુરતના લોકો ચંદની પડવાના દિવસે શીતળ ચાંદનીમાં ઘારી અને ભૂસુ ખાવાની મજા લેતા હોય છે. મોટાભાગના લોકો કંદોઈને ત્યાંથી તૈયાર ઘારી લાવી તેનું સેવન કરી લેતા હોય છે. પણ અસલ સુરતીઓ પહેલાની જેમ આજે પણ પોતાના ઘરમાં જ ઘારી જાતે બનાવે છે. ઘરે બનાવેલી ઘારીનો ટેસ્ટ અમૃત જેવો લાગે. એક સમયે આ મીઠાઈ બજારમાં વેચાતી નહીં મળતી હતી પણ અસલ સુરતીઓ તે ઘરે જ બનાવતા. પરિવારની બહેનો અને પુરૂષો પણ માવા ઘારી જાતે બનાવી તેની પર ઘી પાથરી તેના કુટુંબના જેટલા પરિવાર હોય તેટલા ઘારીના ભાગ કરાતા અને પોતપોતાનો ભાગ મેળવી તેની પરિવાર સાથે મજા લેતા. એ સોનેરી દિવસો તો હવે ગયા પણ અસલ સુરતીઓ આજે પણ પોતાના ઘરે મહિલાઓનું વૃંદ ભેગું થઈ ઘારી બનાવે છે. એ પરંપરા હજી પણ કેટલાક ઘરોમાં કેમ જળવાઈ રહી છે ? શું હોમમેડ ઘારીમાં ઘી વગરની કે ઘીથી તરબર ઘારી આજે પણ બનાવવાનું ચલણ છે? બહાર વેચાતી મળતી ઘારી કરતા ઘરે બનાવેલી ઘારી શું સસ્તી પડે, કેટલી પેઢીઓથી ઘરે જ ઘારી બનાવવાનો ટ્રેન્ડ જળવાઈ રહ્યો છે? તે આપણે અહીં જાણીએ....





# ચાલો મળીએ અસલ સુરતીઓને જેમણે આજે ચાર-ચાર પેઢીથી ઘરે ઘારી બનાવવાની પરંપરાને જાળવી રાખી છે







## હવે પરંપરા એટલી બદલાઈ છે કે પહેલા ઘી થી તરબતર ઘારી બનતી હવે ઘી વગરની હોય: મનીષાબેન પટેલ

મનીષાબેન પટેલે જણાવ્યું કે અમારી કેટલી પેઢીઓથી ઘરે જ ઘારી બને છે તે તો નથી કહી શકતી પણ હું મમ્મીના ઘરે પણ ઘારી બનાવતી અને સાસરે આવી એના 28 વર્ષ થયાં હજી પણ હું મારા સાસુ, મારા મમ્મી, દેરાણી, જેઠાણી, ફ્રેન્ડ્સ બધા સાથે મળીને મારા ઘરમાં ઘારી બનાવીએ. સતત 4 દિવસ ઘારી બનાવવાનો કાર્યક્રમ હોય. 15-20 કિલો ઘારી બને પછી તેના ભાગ પડે. હું મમ્મીના ઘરે ઘારી બનાવવા જાઉ તો મારા મમ્મી મારા ઘરની ઘારી બનાવવા આવે. પહેલા ઘી થી તરબતર ઘારી બનતી પણ હવે બાળકો હેલ્થ પ્રત્યે અવેર રહેતા હોવાથી 15 વર્ષથી ઘરમાં ઘી વગરની જ ઘારી બને છે. બહારની ઘારી બહુ મીઠી હોય જ્યારે ઘરે બનાવેલી ઘારીમાં બૂરું ઓછું હોય એટલે તે બધાને ભાવે. અમે તો દેરાણી, જેઠાણી બધાની ફેમિલી ચંદની પડવા પર પાલ ગૌરવ પથ રોડ પર ઘારી ભૂંસુ લઈને પહોંચી જઈએ અને શીતલ ચાંદનીમાં ઘારીની મજા લઈએ. હા, એવું બને કે કોઈ કારણસર મારા ઘરે કે મમ્મીના ઘરે ઘારી નહીં બને તો બજારમાંથી નહીં ખરીદીએ પણ એકબીજાને ઘરની જ ઘારી આપીએ.

## અમારે તો આજુબાજુમાં ઘરની બનેલી ઘારીનો વાટકી વ્યવહાર પણ ચાલે: અમિતાબેન દલાલ

અમીતાબેન જણાવે છે કે અમારી ત્રીજી પેઢીથી અમે ઘરે ઘારી બનાવવાની પરંપરાને જાળવી રાખી છે. અમારી ઘારીમાં અંજીર પણ એડ કરાતા હોય છે. મારી સાસુ મને ઘારી બનાવવામાં ગાઈડ કરે અને હું ઘારીમાં સાંજો ભરુ મારા હસબન્ડ મેદાની રોટલીને વાટકીથી ગોળ આકાર આપે જ્યારે મારી વહુ ઘારી તળે. અમને તો ઘી વાળી જ ઘારી જોઈએ. હા, બહારથી ગિફ્ટમાં ડિફરન્ટ ફલેવરની ઘારી આવે જેમકે બાળકો માટે ચોકલેટ ફલેવરની ઘારી લવાય પણ ઘરના મોટાઓને પિસ્તા, કેસર અંજીરની જ ઘારીનો ટેસ્ટ ભાવે. અમે તો જ્યારે ઘારી બનાવીએ ત્યારે આજુબાજુમાં ઘારીનો વાટકી વ્યવહાર પણ કરીએ.

## પહેલા તો અમારા ઘરે ઘારી બનાવવા મહારાજ આવતા, હવે હું, દીકરીઓ અને વહુ સાથે ઘારી બનાવું: જ્યોત્સનાબેન ડાકોરિયા





જ્યોત્સનાબેને જણાવ્યું કે શુક્રવારે ચંદની પડવા છે તો હું અને મારી પરિણીત ત્રણ દીકરીઓ સાથે મળીને ઘારી બનાવી રહ્યા છે. અમારા પરિવારમાં બહારથી વેચાતી ઘારી લાવવનું ચલણ બિલકુલ નથી. હું અને મારા સાસુ, જેઠાણી, દેરાણી બધા સાથે ઘારી બનાવતા. અમે પેઢી દર પેઢી ઘરે જ ઘારી બનાવવામાં માનીએ. પહેલા દિવસે ઘારી બને, બીજા દિવસે ઘારી ઘી પી ગઈ હોય અને ઠરી ગઈ હોય એટલે પછી દિકરીઓ, દેરાણી, જેઠાણી બધાના પરિવાર માટે ઘારીના ભાગ પડે. પરિવાર મોટું એટલે એક સમયે અમે ઘરે સ્પેશ્યલ મહારાજ બોલાવી 14-15 કિલો ઘારી મહારાજ પાસે બનાવડાવતા. મારી મોટી દીકરી ભૂમિકા અને હું તો 15 વર્ષથી સાથે જ ઘારી બનાવીએ. લંડન રહેતી નંણદને પણ અમે ત્યાં ઘારી મોકલતા. અમે ડિફરન્ટ ફલેવરની ઘારી નહીં પણ અસલ પરંપરા પ્રમાણેની કેસર, પિસ્તા, મિક્સ ડ્રાયફ્રૂટ્સની ઘારી બનાવીએ. આ વખતે પણ ત્રણ દીકરીઓ અને વહુ બધાએ ભેગા થઈને ઘારી બનાવી ને તેના દરેકના ભાગ કર્યા છે. અમે 20થી 25 લોકો અગાસી પર શીતલ ચાંદનીમાં ઘારી, ભુસુ અને દૂધપાક ખાઈએ. આજે પણ ઘરે બનાવેલી પહેલી ઘારી ભગવાનને ચડાવીએ.

## ચંદની પડવા પછી પણ ઘારીનો ટેસ્ટ લઈ શકાય એટલા પ્રમાણમાં ચાર પેઢીથી ઘારી બને છે: રીટાબેન ગાંધી

રિટાબેને જણાવ્યું કે અમારી ચોથી પેઢી પણ ઘરે જ ઘારી બનાવવાની પરંપરાને વળગી રહી છે. જોકે હવે દિકરી અને વહુ જોબ કરે એટલે તેમની પાસે સમય નહીં હોય પણ તેમને પણ ઘરની લો શુગરવાળી અને ઘી વગરની ઘારી ભાવે. પહેલા દેરાણી, જેઠાણી, સાસુ બધા સાથે ભેગા થઈને ઘારી બનાવતા એ જમાનો બહુ મજાનો હતો. વાતો થાય હસી મજાક થાય અને ક્યારે ઘારી બની ગઈ તેનો ખ્યાલ પણ નહીં આવે. હમણાં મારા સાસુની તબિયત નરમગરમ રહે છે એટલે આ વખતે મેં એકલીએ ઘારી બનાવી છે. જો બહારગામ ફરવા ગયા હોઈએ તો ઘરે ઘારી નહીં બને પણ ઘરની ઘારીનો ટેસ્ટ સબંધીઓએ બનાવેલી ઘારીમાંથી મળે. બહારની ઘારીમાં શુગર વધારે હોય અને ક્વોન્ટીટી ઓછી હોય. અમે તો દીકરીઓના ઘરે ઘરની બનાવેલી ઘારી મોકલવાની પરંપરાને પણ જાળવી રાખી છે.









## ટ્રાવેલ્સવાળાની બસમાં ડુમસ જઈ ચંદની પડવાની ઉજવણી કરતા : ભૂમિકાબેન મેઘાવાળા

ભૂમિકાબેને જણાવ્યું કે હું ખત્રી સમાજની છું અને અમારા સમાજમાં તો ઘરે જ ઘારી બનાવવાની વર્ષો જૂની પરંપરા છે. મારા સાસુ, મારા દાદી સાસુ મારી મમ્મી, મારી નાની પણ ઘરે જ ઘારી બનાવતા હતા. જે પરંપરાને મેં હજી જાળવી રાખી છે. હું અને મારી દેરાણી સાથે બેસીને ઘારી બનાવીએ અને પછી સગા સંબંધી બધા 30થી 35 જણા ભેગા થઈને ચંદની પડવાના દિવસે ડબ્બા પાર્ટી કરીએ. પહેલા દિવસે ઘારી બનાવીએ અને બીજા દિવસે તેને ઘી પીતી કરીએ. હવે તો અમારા બાળકો થોડા હેલ્થ કોન્શ્યસ બન્યા છે એટલે થોડી ઘી વગરની ઘારી પણ બનાવીએ. બહારની ઘારી કરતા ઘરે બનતી ઘારી શુદ્ધ અને ભેળસેળ વગરની બને. પહેલા ટ્રાવેલ્સ વાળા ચંદની પડવાના દિવસે સ્પેશ્યલ ડુમસ અને હજીરા દરિયા કિનારા સુધીની બસ ઉપાડતા તેમાં અમે પરિવારના સભ્યો ભેગા થઈને ડુમસના દરિયા કિનારે જઈ ઘારી અને ભૂંસુની જ્યાફત ઉડાવતા. ઘરની ઘારી બહારની ઘારી કરતા ખર્ચની દ્રષ્ટિએ સસ્તી પડે. અમે હજી પણ અસલ સુરતી પરંપરા પ્રમાણે માવા અને પિસ્તા ઘારી જ બનાવીએ.

---

ટેકનો ટ્રેન્ડ

# આમની પાસે પણ છે, સ્માર્ટ ફોન છતાં છે સોશ્યલ મીડિયા એપ્સથી ડિસક્નેકટેડ

અત્યારના લોકો પોતાને સ્માર્ટ દેખાડવા સોશ્યલ મીડિયા પર એક્ટિવ રહીને લોકો પોતાને અપગ્રેડ કરે છે. વોટ્સએપથી પોતાના મિત્રો સગા સબંધીઓ સાથે લાઈવ રહે છે તો ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર દેશ-દુનિયા અને પોતાના શહેરમાં શું ચાલે છે તેનાથી માહિતગાર થાય છે. પણ આજ સોશ્યલ મીડિયા સાઇટ્સ હવે ધીરે ધીરે માથાનો દુખાવો સાબિત થઈ રહી હોય તેમ કેટલાંક લોકોને લાગવા લાગ્યું છે. વોટ્સએપ પર અનેક પ્રકારના ગ્રુપમાં મેસેજીસનો મારો, એક જ ફોટો ઘણા ગ્રુપમાં ફરવો, પર્સનલી અને ગ્રુપમાં આવતા વીડિયોને કારણે કેટલાય લોકોને પોતાની માનસિક શાંતિ હણાતી હોવાનું ફિલ થાય છે. એક રીતે આ બધી સોશ્યલ મીડિયા સાઇટ્સ આશીર્વાદ રૂપ બની છે તો બીજી રીતે તે ડિસ્ટરબન્સ પણ બનતી જાય છે. એટલે હવે સુરતના એવા કેટલાંય લોકો છે કે જેમણે આ સોશ્યલ મીડિયા સાઇટ્સ દુરી બનાવી લીધી છે. તો કેટલાકે તો સોશ્યલ મીડિયા સાઇટ્સ પર પોતાના એકાઉન્ટ બનાવ્યા જ નથી. તો ચાલો આપણે એવા કેટલાંક સ્માર્ટ ફોન યુઝર્સને મળીએ અને તેમની પાસેથી જાણીએ કે કેમ તેઓ વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ, ફેસબુક યુઝ નથી કરતા? તેનાથી તેમને શું ફાયદો થયો છે, લોકો તેમના આ નિર્ણયને સારો ગણાવે છે કે ક્રિટીસાઈઝ કરે છે?...



## સમયની બરબાદી લાગતી હોવાથી સોશ્યલ મીડિયા સાઇટ્સ પર મારા એકાઉન્ટ જ નથી: અશોક જરીવાલા



અશોકભાઈએ જણાવ્યું કે મારી પાસે 8 વર્ષ પહેલા સ્માર્ટ ફોન હતો અને હું ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર પણ એક્ટિવ હતો. વોટ્સએપ પણ યુઝ કરતો હતો. પણ ફેક ન્યૂઝ આવે, વલ્ગારીટી દર્શાવતા વીડિયો કે લખાણ આવી જાય. વળી, સાઈબર ફ્રોડ પણ થતું હોય છે. મને રોજ સવારે ઉઠીને ગુડ મોર્નિંગના મેસેજ કરવા કે રાત્રે ગુડ નાઈટના મેસેજ કરવા તેમાં સમયની બરબાદી લાગતી. વળી, એકના તરફથી જે મેસેજ મળ્યો હોય તે જ મેસેજ બીજો કે ત્રીજો વ્યક્તિ પણ મોકલે ત્યારે એકના એક મેસેજના મારાથી હું અકળાઈ જતો એટલે માનસિક શાંતિ મળી રહે તે માટે હું આ બધી સોશ્યલ સાઈટ્સથી દૂર પણ થઈ ગયો અને સ્માર્ટ ફોન કાઢી નાખ્યો અને તેના બદલે કી પેડ વાળો સાદો ફોન વસાવી લીધો. હા, ટેક્સ્ટ મેસેજ કરીને લાગતા વળગતા લોકો સાથે ખપ પૂરતી વાત કરી લઉ. એ પણ જરૂરી હોય તો બાકી હું સાદા ફોનથી જ વાત કરી લઉ. મને તો સ્માર્ટ ફોન હાથમાં પકડવો પણ નથી ગમતો.

## મારા ઓળખીતા મને કહેતા હોય છે કે આ સોશ્યલ મીડિયા સાઇટ યુઝ કરવી જોઈએ: ડો. પુષ્પલ દેસાઈ



પ્રો. પુષ્પલ દેસાઈ જણાવે છે કે મારી પાસે સ્માર્ટ ફોન છે પણ હું વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ આ બધું યુઝ નથી કરતો મને આ બધી એપનો અનુભવ પણ નથી. મને આ બધું યુઝ કરવામાં કોઈ ઈન્ટરેસ્ટ જ નથી. હું ઈ-મેઈલથી પ્રોફેશનલી વાત કરી લઉ છું. અને એક પ્રોફેશનલ એપ છે એ યુઝ કરું છું. મારી વાઈફ અને મારા ફેમિલી મેમ્બર વોટ્સએપ યુઝ કરે છે એટલે રિલેટિવ્ઝના મેસેજ આવે તો તેમના પર આવે તેની મને ફેમિલી જાણ કરે. મને ઘણા લોકો કહેતા હોય છે કે મારે આ બધી સોશ્યલ મીડિયા સાઈટ આજના સમયમાં યુઝ કરવી જોઈએ પણ મને તેમાં ઈન્ટરેસ્ટ જ નથી. ઘણા લોકો એવું પણ કહેતા હોય છે કે તમેં આ સોશ્યલ મીડિયા સાઈટ નથી યુઝ કરતા એટલે 'તમને શાંતિ છે' પણ હું ઊંડો ઉતરતો નથી કેમકે યુઝ કર્યા વગર કઈ રીતે કમ્પેર કરી શકાય કે શાંતિ છે કે નહીં.

## મારી પાસે 15 વર્ષથી સ્માર્ટ ફોન છે પણ હું સોશ્યલ કાંઈ જ યુઝ નથી કરતી: અંજનાબેન રિબનવાળા



અંજનાબેને જણાવ્યું કે મારું કામ ટેક્સ્ટ મેસેજથી થઈ જાય છે પણ કોઈ ઈન્વીટેશન આપવું હોય તો ડોર ટૂ ડોર આપી દઉ છે એટલે મને મિડિયા એપ્સની જરૂર ક્યારેય નથી લાગી. હા, પહેલા મારું એકાઉન્ટ ઈન્સ્ટા પર હતું તે પણ મેં 2019માં ડીએક્ટિવ કરી નાખેલું. લોકો મને કહેતા હોય છે કે તમે સોશ્યલ મીડિયા પર બિલકુલ એક્ટિવ નથી એટલે તમે સુખી છો. અને સાચું કહું તો મને પણ આ બધામાં ઈન્ટરેસ્ટ નથી મને તો આ કઈ રીતે ઓપરેટ કરવી તેની પણ ખબર નથી. મને કોઈની સાથે કોન્ટેક્ટ કરવો હોય તો હું ટેક્સ્ટ મેસેજ મોકલી આપું. કોઈ ઈન્વીટેશન આપવાનું હોય તો હું ડોર ટૂ ડોર પણ જઈને આપી આવું એટલે મને સોશ્યલ મીડિયાની જરૂર છે એવું નથી લાગતું. વળી, આ બધાથી દૂર રહીને હું બીજી એક્ટિવિટીઝમાં સારી રીતે ધ્યાન આપી શકું છું. હું પેઈન્ટિંગ કરીને મારો ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરું છું. હું સોશ્યલ મીડિયા યુઝ નથી કરતી તેનો મને કોઈ અફસોસ પણ નથી.